## હરિદ્વાર ગુજ્જુ પરિવારની એક નવી પહેલ અમારું રાજય-અમારું ભણતર



ગુજરાત બહાર રહેતાં ગુજરાતી બાળકો ગુજરાત ની સંસ્કૃતિ, આપણો વારસો સાથે જોડાઈ રહે તે ભાવના સાથે દેવ ભૂમિ હરિદ્વાર માં નિવાસ કરતાં ગુજરાતીઓ દ્વારા નવી પહેલ પ્રારંભ ગુજરાત ના મુખ્ય મંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ ને પ્રતિનિધિ મંડળ મળી મંગળવારે કરી. જેના પ્રારંભિક તબક્કે આ વર્ષે ૨ બાળકો દેવસ્ય દેસાઈ અને Priyanshi નાઘેરા દ્વારા અમદાવાદ university અને અદાણી university માં ઉચ્ચ શિક્ષણ માટે આવ્યા છે. હરિદ્વાર ગુજ્જુ પરિવાર ના સદસ્યો દ્વારા ગુજરાત બહાર રહેતાં બાળકો ને ઉચ્ચત્તર શિક્ષણ માટે ગુજરાત આવવા પ્રેરિત કરવા આવે છે. જેથી આ બાળકો ગુજરાત ની સંસ્કૃતિ, ભાષા, કલા અને ઈતિહાસ થી વિખૂટા ના પડે. સંસ્થા ના અગ્રણી કિર્તન દેસાઈ ના અનુસાર હરિદ્વાર માં ૨૨૦ જેટલા ગુજરાતીઓ રહે છે. તેમના બાળકો પોતાનાં ઉચ્ચતર શિક્ષણ અર્થે ભારત ના વિવિધ રાજ્યો માં ભણતર અર્થે જતાં હોય છે ત્યારે વિશ્વ ના સૌથી વિકસિત પોતાનાં ગૃહ રાજ્ય માં શા માટે નહીં? આ પહેલ માં આવતી સમસ્યા ને દૂર કરવા આજે પ્રતિનિધિ મંડળે મુખ્ય મંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ, દ્રષ્ટિ મંત્રી હર્ષ સંઘવી, તેમજ શિક્ષણ મંત્રી પ્રો કુબેરભાઈ સાથે રૂબરૂ મુલાકાત ગાંધી નગર ખાતે કરી હતી . દેશ ભર માં રહેતા બિન નિવાસી ગુજરાતીઓ ની સંખ્યા લાખો માં છે. જો ગુજરાત સરકાર દ્વારા નીતિગત ફેસલો લેવા માં આવે તો આ Nrg બાળકો ના ઉજ્વળ ભવિષ્ય માં સહયોગી બની રહેશે. ૪ સદસ્ય પ્રતિનિધિ મંડળ માં વિદ્યાર્થીઓ તેમજ કિર્તન ભાઈ દેસાઈ ,મહિલા પ્રતિનિધિ પદ્મમા બેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજકોસ્ટે રોબોફેસ્ટ ૩.૦ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યુ

**કુલ ૬૭ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ્સને ઈનામી રકમ તરીકે રૂ.૧.૦૮ કરોડના કુલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગુજકોસ્ટે રોબોફેસ્ટ – ગુજરાત ૩.૦ સ્પર્ધાના પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC)એટલે કે બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યુ છે, જેમાં વિદ્યાર્થીઓએ સાત અલગ-અલગ કેટેગરીમાં તેમના PoC વર્ક રજૂ કર્યા હતા. રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦ એ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે રૂ.૫.૦૦ કરોડની કુલ ઈનામી રકમ સાથે ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા તરીકે ડિઝાઇન કરવામાં આવી છે. આ સ્પર્ધામાં કુલ ૬૨૯ ટીમો ભાગ લેશે જેમાં પ્રત્યેક ટીમમાં ૫ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક તરીકે એક ફેકલ્ટીનો સમાવેશ થાય છે.

ટેકનિકલ એડવાઈઝર કમિટી (TAC) ની ટીમ દ્વારા સ્પર્ધાકોના વિચારોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૫૧ ટીમોને લેવલ-I વિચારધારાના તબક્કે એનાયત કરવામાં આવી હતી. દરેક ટીમને રૂ. ૫૦ હજાર ઈનામી રકમ આપવામાં આવશે, જેમાં કુલ રૂ.૭૫.૫૦ લાખના ઈનામોનું વિતરણ કરાશે. વધુમાં, ૧૫૧ ટીમોમાંથી, તા.૧૦-૧૨મી જુલાઈ ૨૦૨૩ દરમિયાન ગુજરાત સાયન્સ સિટી ખાતે આયોજિત TAC મીટિંગ દરમિયાન ખ્યાલના પુરાવા તરીકે તેમની ડિઝાઈન અને ડ્રોઈંગ રજૂ કર્યા હતા. કુલ ૬૭ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ્સને ઈનામી રકમ તરીકે રૂ. ૧.૦૮ કરોડના કુલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરાયેલી ટીમ સ્પર્ધાના અંતિમ સ્તરના ભાગરૂપે ઓક્ટોબર, ૨૦૨૩ સુધીમાં તેમના રોબોટ્સનો પ્રોટોટાઈપ સબમિટ કરશે. લેવલ II પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) તબક્કામાં, ROBOFESTની માર્ગદર્શિકા મુજબ, પસંદ કરેલી દરેક ટીમને રૂ.ની ઈનામી રકમ આપવામાં આવશે. ૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ માત્ર) બે પૈડાવાળા સ્વ-સંતુલિત રોબોટ, સબમરીન અથવા પાણીની અંદરના રોબોટમાં, રોવર્સ (આઠ પૈડાં, કેમેરા માઉન્ટેડ, ઓટો મેમરી/GPS ગાઈડેડ) અને હેક્સાપોડ રોબોટ કેટેગરીમાં ૩ થી ૪ ફ્રી સાઈઝ અને સ્વોર્મ રોબોટ્સમાં રૂ.૧,૦૦,૦૦૦/- (માત્ર એક લાખ રૂપિયા), ફન રોબોટિક્સઃ મેઝ સોલ્વિંગ રોબોટ અને અન્ય શ્રેણીનો સમાવેશ થાય છે. પસંદ કરાયેલી ટીમોમાંથી, ૫૯ ટીમો ગુજરાતની ૧૯ સંસ્થાઓની છે, ૮ ટીમો દેશના અન્ય રાજ્યોમાંથી અને IIT મદ્રાસ, NIT તિરુચિરાપલ્લી, IIT ધનબાદ, IIT બોમ્બે સહિતની અગ્રણી વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી છે. પસંદ કરેલ PoCમાં એરપોર્ટ સ્કૂલની એક ટીમનો સમાવેશ થાય છે જે ગુજરાતની અગ્રણી સંસ્થાઓ તેમજ IIT અને NIT સાથે સ્પર્ધા કરવા માટે ખૂબ જ પ્રશંસનીય છે. આ દર્શાવે છે કે ROBOFEST-GUJARAT 3.0 એક ખૂબ જ અનોખું પ્લેટફોર્મ છે જ્યાં પ્રતિભાની કદર ઉંમરના આધારે નહીં પરંતુ કામના મૂલ્યના આધારે કરવામાં આવે છે.

લેવલૈં એ અંતિમ તબક્કો છે અને પસંદ કરાયેલી દરેક ટીમોએ તેમનો અંતિમ રોબોટ સબમિટ કરવાનો રહેશે જે તમામ રીતે પૂર્ણ છે અને ઈનામ રૂપે રૂ. ૧૦.૦૦ લાખ, ૭.૫ લાખ અને ૫ લાખ જીતવા પડશે જેનું આયોજન ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવશે. ત્રણેય સ્તરે કુલ ઈનામ રૂ. ૫.૦ કરોડ. ગ્રાન્ડ ફિનાલેમાં કુલ ૩૧૬ વિદ્યાર્થીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. GUJCOST એ વિદ્યાર્થીઓ માટે તેમના વિચારો અને નવીનતાને પ્રોત્સાહિત કરવા તેમજ આ રચનાત્મક સ્પર્ધામાં વધુને વધુ વિદ્યાર્થીઓને જોડવા માટે ROBOFEST-GUJARAT 3.0 પ્રોગ્રામની રચના કરી છે.

## પોપટીયું રટણ નહીં, સમગ્ર વ્યક્તિત્વથી થતો પોકાર ઈશ્વર સુધી પહોંચે છે

**વિષયોને વશમાં કરવા સદા શિવનું શરણ લેવું જ રહ્યું**

**શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી ચોથો દિવસ**

આચાર્ય પુષ્પદંતજી સદાશિવને સંબોધીને કહે છે 'હે પ્રભુ! બધું આપનામાં લય પામે છે. સર્વે જીવોનું ગંતવ્ય સ્થાન આપ જ છો, ગમે તે માર્ગે અનુસરીને પણ બધાં આપના સુધી પહોંચવા ઝંખે છે.'

શ્લોક : ૮ આ શ્લોકમાં પ્રભુ સદાશિવ દ્વારા ધારણ કરાયેલ જીવ અને વસ્તુઓની દિવ્યતા-ભવ્યતાની ઝાંખી પ્રસ્તુત થઈ છે.



મહોક્ષ : એટલે કે નંદી (બળદ) જે પશુ છે. સૌથી મોટી પશુતા અહંકાર છે. જે ભગવાનના શરણે જાય છે એના અહંકારની સંભાળ ભગવાન લે છે. શિવજી જીવોના અહંકાર પર શાસનકર્તા છે. ખટ્વાગં : શાસનનું પ્રતીક છે. પ્રભુ ઉપદ્રવી માટે દંડદાતા છે. જગતનું સંચાલન કરનાર વિધાતા માટે એ પ્રતીક છે.

પરશુ – ફરસી : એનો ઉપયોગ વૃક્ષછેદન માટે થાય છે. પરમાત્મા જીવોના સંસારરૂપી વૃક્ષનું છેદન કરે છે. હું અને મારું એ સંસારવૃક્ષ છે. મમત્વ ભ્રમણા છે. આ અસંગતાના શસ્ત્રથી પ્રભુ મોહ-માયા-મમતાનું છેદન કરે છે. પ્રભુ કહે છે અસંગતા, વૈરાગ્યરૂપી શસ્ત્ર ધારણ કરી મોહ-માયાને કાપો. માછીમારની જાળથી એજ માછલી બચી શકે છે, જે માછીમારના પગમાં હોય. અર્થાત્ તમે જેટલા ઈશ્વર નજીક હશો એટલા બચી શકશો.

અજીનમ્ : ઈશ્વરનુ વસ્ત્ર, ચામડું, આસુરી સંપતિનું સૂચક છે. પ્રભુ કામ, ક્રોધ, લોભ, મોહ મદ, માત્સર્ય જેવી સર્વે આસુરી સંપત્તિને લપેટીને રાખે છે. પ્રભુ કહે છે તારી આસુરીવૃતિને પણ મારી સાથે જોડવાથી તારું અંતર શુધ્ધ થશે.

ભસ્મ્ : પ્રભુ તેને પોતાના શરીર પર લગાવી ને રાખે છે. પૂ.ગુરુમા જણાવે છે, ઉપનિષદમાં ભસ્મનાં પાંચ નામ છે.

(૧) વિભૂતિ – જે ઐશ્વર્ય સૂચક છે. ભસ્મ શિવજીનું ઐશ્વર્ય છે.

(૨) ભસિત – અર્થાત્ પ્રકાશિત જે ભગવાનનું મૂળભૂત પ્રકાશિત સ્વરૂપ છે. જેનાથી એના હોવા પણાની સિધ્ધી થાય છે.

(૩) ભસ્મ – જે બધું ખતમ કરે છે. જે શરણાગતનાં પાપને અને અજ્ઞાનને બાળી મોક્ષ પ્રદાન કરે છે.

(૪) ક્ષાર – જે સર્વે વિપત્તિઓનો નાશ કરનાર છે.

(૫) રક્ષા – જે આસુરી વૃતિથી રક્ષા કરે છે. આમ, ભસ્મ અમૂલ્ય સંપત્તિ છે.

ફણિનમ્ : પ્રભુ સર્પ ધારણ કરે છે. જે વિષયનું પ્રતીક છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધના ચિંતનથી જીવ ઈન્દ્રિયોને સતત એમાં પ્રવૃત કરે છે. અને જીવ પોતાની જાણ બહાર તેને વશ થતો જાય છે. વિષયોને વશ કરવા ઈચ્છનારે સદાશિવનું શરણ લેવું જ રહ્યું.

કપાલમ્ : પ્રભુ ખોપડીની માળા ધારણ કરે છે, જેમાં સ્ત્રી – પુરુષ, જાતિ કે અન્ય કોઈ ભેદ રાખતા નથી. એ સમત્વદ્રષ્ટિ સૂચિત કરે છે. ભગવાન સર્વ જીવો પ્રત્યે નિષ્પક્ષ છે. આમ, આચાર્ય પુષ્પદંતજી કહે છે કે જે પોતાના આત્મ-સ્વરૂપમાં રમણ કરે છે, એને વિષયતૃષ્ણા ભરમાવતી નથી. જેણે પોતાના વાસ્તવિકરૂપને સમજી લીધું, તે સાક્ષાત શિવસ્વરૂપ જ છે.

શ્લોક : ૯

પુષ્પદંતજી કહે છે, જગત માટે લોકો મનઘડંત વાતો કરે છે. અનેક વિરોધાભાસી અભિપ્રાયોથી આપના ઐશ્વર્યનું ખંડન કરે છે. અહીં તેઓ વાચાળતાને નિર્લજ્જ કહે છે.

શ્લોક : ૧૦

બ્રહ્મા-વિષ્ણુના યુધ્ધ સમયે શિવજી અગ્નિસ્તંભ સ્વરૂપે પ્રગટ થયા છે. તેનો પાર પામવા બ્રહ્માજી હંસ સ્વરૂપે ઉપર તરફ અને વિષ્ણુજી સૂવર સ્વરૂપે નીચે તરફ જાય છે. આ સમયે પ્રભુ શિવલિંગ સ્વરૂપે પ્રગટ થયા છે. અને લિંગ પૂજાનો ઉપદેશ આપ્યો છે. પંચાક્ષર મંત્ર પણ આપ્યો જે સાક્ષાત પ્રણવ સ્વરૂપ છે. આ પરમ પવિત્ર દિવસને શિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે. ઈશ્વરની પાંચ શક્તિઓ: સૃષ્ટિ, પાલન, સંહાર, તિરોધાન અને અનુગ્રહ શક્તિઓ પણ ઉલ્લેખનીય છે.

લિંગરૂપની આરાધનાને શિવપુરાણમાં પણ શ્રેષ્ઠ માનવામાં આવી છે. શ્રધ્ધા-ભક્તિ સભર પ્રાર્થનાથી સદાશિવના આશિષ પ્રાપ્ત થાય છે. પોપટીયું રટણ નહીં પરંતુ સમગ્ર વ્યક્તિત્વને જોડીને થતો પોકાર ઈશ્વર સુધી પહોંચે છે. ભગવાનની કૃપા હોય તો જ ભગવાનને પામી શકાય છે. પુરુષાર્થનો અહમ્ રાખીને ભક્તિ થાય તો ભગવાન મળતા નથી. શ્રધ્ધા અને ભક્તિ સભર પ્રાર્થના શિવને આકૃષ્ટ કરે છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ગુણવત્તાયુક્ત શિક્ષણનો માર્ગ મોકળો કરી રહી છે : પ્રો. રમાશંકર દુબે

**CUG માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો સંપૂર્ણ અમલ કરવામાં આવી રહ્યો છે**

ગાંધીનગર, તા. ૨૬

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં દેશની સમૃદ્ધ પ્રતિભા અને સંશાધનોનો ઉપયોગ કરીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કાર્ય કરવામાં આવે છે. ભારત વિશ્વમાં સૌથી યુવા વસ્તી ધરાવતો દેશ છે. દેશના યુવાનોને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પૂરી પાડીને જ આત્મનિર્ભર ભારતની કલ્પના સાકાર થઈ શકે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આ વિઝનને સાકાર કરવા માટે મજબૂત પાયો નાખ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરવા અને જીવનભર શીખવાની તકોને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્ષમ માર્ગ મોકળો કરવા માટે કામ કર્યુ છે. નેશનલ એજ્યુકેશન પોલિસીને ત્રણ વર્ષ પૂર્ણ થયા હોવાથી, ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીએ NEPના ઘણા મુખ્ય મુદ્દાઓને અમલમાં લાવવામાં સફળતા હાંસલ કરી છે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. રમાશંકર દુબેએ બુધવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે વ્યક્તિના સંપૂર્ણ વિકાસની કલ્પનાને સર્વગ્રાહી શિક્ષણ દ્વારા જ સાકાર કરી શકાય છે. રાષ્ટ્રીય શિક્ષણ



નીતિ ૨૦૨૦ સમગ્ર વ્યક્તિત્વ વિકાસ માટે વરદાન સાબિત થઈ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઘણા મુદ્દાઓ યુનિવર્સિટીમાં લાગુ કરવામાં આવ્યા છે, જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે. સર્વગ્રાહી શિક્ષણનો સમાવેશ : વિદ્યાર્થીને શૈક્ષણિક સંસ્થાઓમાં સર્વગ્રાહી શિક્ષણનું જ્ઞાન માત્ર શૈક્ષણિક જ્ઞાન માટે જ નહીં પરંતુ તેમના શારીરિક, માનસિક, ભાવનાત્મક, નૈતિક અને સામાજિક જ્ઞાનમાં વધારો કરવા માટે અત્યંત જરૂરી છે. ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીએ સ્નાતક અને અનુસ્નાતક સ્તરે દરેક સેમેસ્ટર માટે બે ક્રેડિટ કોર્સ લાગુ કર્યા છે. આની મદદથી વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસક્રમનું જ નહીં પરંતુ સમગ્ર શિક્ષણનું પણ સંપૂર્ણ જ્ઞાન મળી રહ્યું છે. સંશોધન અને વિકાસ સેલ : ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે, યુનિવર્સિટીમાં સંશોધન અને વિકાસ સેલની સ્થાપના કરવામાં આવી છે. સામાજિક દષ્ટિકોણથી સંબંધિત સંશોધનને નવા પરિમાણો આપવા માટે, કોષ સંશોધકો અને વિદ્યાર્થીઓને મૂલ્યવાન સંશોધન માહિતી પ્રદાન કરે છે. ઉચ્ચ અભ્યાસમાં વિદ્યાર્થીઓની સંશોધન સમસ્યાઓ પણ સેલ દ્વારા ઉકેલવામાં આવે છે.

## નિફ્ટ ખાતે ફ્રેશર બેચને આવકારવા ઓરિએન્ટેશન પ્રોગ્રામનો પ્રારંભ

**જાણીતા સેલિબ્રિટી ડિઝાઇનર સુકેત ધીરે હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું**




ગાંધીનગર, તા. ૨૬

નિફ્ટ ગાંધીનગર કેમ્પસ ખાતે ફ્રેશર બેચ ૨૦૨૩ને આવકારવા માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સેલિબ્રિટી ડિઝાઈનર સુકેત ધીર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમના પ્રારંભે નિફ્ટના ડાયરેક્ટર પ્રો.ડો.સમીર સૂદે ઉચ્ચ શૈક્ષણિક ધોરણો, વૈશ્વિક ઉદ્યોગ જોડાણ અને વાઈબ્રન્ટ ઉજવણીઓ દ્વારા નિફ્ટ ખાતે કેમ્પસ જીવન એ અદ્ભુત અને રોમાંચક અનુભવ હોવાનું કહી વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન સુકેત ધીર એક પ્રતિભાશાળી ભારતીય ફેશન ડિઝાઈનર છે જે તેમના મેન્સવેર સર્જન માટે જાણીતા છે. "ધ ઓપન હાઉસ" નામના તેમના સંગ્રહ માટે ૨૦૧૫ માં પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ વૂલમાર્ક પ્રાઇઝ જીત્યા પછી તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી હતી. સુકેત ધીરે ભારત અને વિદેશમાં વિવિધ ફેશન વીક અને ઈવેન્ટ્સમાં તેમના કલેક્શન્સ પ્રદર્શિત કરવાનું ચાલુ રાખ્યું છે અને ફેશન ઉદ્યોગમાં અગ્રણી ડિઝાઇનર તરીકે તેમનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કરીને માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

## શનિવારે મોહર્રમ : મેટ્રોના કામને કારણે તાજીયા જુલુસના રૂટમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર શહેરમાં હઝરત શહીદ ઈમામ હુસૈનની શાનમાં "મોહર્રમ તાજીયા જુલુસ" ખુબજ ધુમધામથી નીકળશે, પરંતુ આ વર્ષે ગાંધીનગરના માર્ગો પર મેટ્રો ટ્રેનનું કામ-કાજ ચાલુ હોવાથી તાજીયાના જુલુસના રીતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખણિયા છે કે મેટ્રોના કામને પગલે આ વર્ષે રથયાત્રાના રૂટમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી હતી અને હવે મુસ્લિમ બિરાદારોએ પણ તાજીયાના રૂટમાં ફેરફાર કરીને કાયદાનું માન જાળવવાનો નિર્ણય લીધો છે. આ વર્ષે મોહર્રમ તા.૨૯મી જુલાઈ શનિવારના રોજ મનાવાશે જેમાં તાજીયા જુલુસ સેક્ટર-૨૯માં હુસૈની ચોકથી બપોરે ૩ કલાકે નીકળી ઘ-૬ સર્કલે તમામ તાજીયા એકત્રિત થશે જેમાં સે-૨૪, સેક્ટર-૨૮ ચરેડી છાપરાં અને સેક્ટર–૨૯ના તાજીયા ભેગા થશે.

પછી મંજુર થયેલ રૂટ પ્રમાણે ચ-૬ સર્કલથી પંચદેવ મંદિરના સામેના રસ્તે સેક્ટર–૨૧, એમ.એલ.એ ક્વાર્ટર થઈ, સેક્ટર- ૨૧ જુમ્મા મસ્જિદ, ખાતે સાથે રોઝા ખોલવામાં આવશે.

બાદ નમાજ અદા કરી સેક્ટર-૨૧ શાકમાર્કેટ, થઈ નમસ્તે સર્કલથી સ્વામીનારાયણ મંદિર સામેથી પસાર થઈ, સેક્ટર-૩૦માં તમામ તાજીયા ગાંગા— હોશીયારની દરગાહ ખાતે તમામ શ્રદ્ધાળુઓના સાથ સહકારથી સાંજે ૮ વાગ્યા સુધીમાં ઠંડા કરવામાં આવશે તેવું "મોહર્રમ સમિતિ"ના પ્રમુખ હનીફભાઈ શેખની અખબાર યાદીમાં જણાવ્યું છે.

## દિવ્યાંગ કલ્યાણ યોજનાઓની કામગીરીની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ કલ્યાણ યોજનાઓની કામગીરીની સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં દિવ્યાંગ કલ્યાણ યોજનાઓની જિલ્લામાં કરવામાં આવેલી કામગીરીની આંકડાકીય વિગત આપવામાં આવી હતી. દિવ્યાંગ કલ્યાણ યોજનામાં થયેલ કામગીરીની માહિતી આપતાં બેઠકમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સંજયભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ૨૧ પ્રકારની દિવ્યાંગતાઓ નક્કી કરવામાં આવી છે. દિવ્યાંગતા ૪૦ ટકાથી વુધ હોવી જરૂરી છે. ગાંધીનગર જિલ્લામાં ૯,૩૭૩ દિવ્યાંગોને એસ.ટી બસમાં મફત મુસાફરી અને દિવ્યાંગ ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં ૩૩૬૦, કલોલમાં ૧૯૯૦, માણસામાં ૨૨૮૧ અને દહેગામ તાલુકામાં ૧૭૪૨ દિવ્યાંગોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતું કે, દિવ્યાંગ વ્યક્તિઓને સરકાર દ્વારા સાધન સહાય આપવામાં આવે છે. જેમાં શારીરિક દિવ્યાંગ વ્યક્તિને કૃત્રિમ અવયવ માટે, સ્વરોજગારી માટે, શ્રવણમંદ વ્યક્તિ માટે, દ્રષ્ટિહીન વ્યક્તિ માટે અલગ અલગ સાધન સહાય કરવામાં આવે છે. સાધન સહાય યોજના અંતર્ગત જિલ્લામાં માર્ચ-૨૦૨૩ અંતિત ૧૪૧ અને જુન-૨૦૨૩ અંતિતમાં ૧૧૮ દિવ્યાંગોને લાભ આપવામાં આવ્યો છે. તેની સાથે આઈ જી એન ડીપીએસ અને સંત સુરદાસ યોજના અંતર્ગત ૧૮ થી ૭૯ વર્ષ સુધીના વયજુથના ૮૦ ટકા કરતાં વધુ દિવ્યાંગતા ઘરાવતી વ્યક્તિઓને લાભ આપવામાં આવે છે.

## ચરેડીથી મુક્તિધામનો માર્ગ સીધા સ્મશાને પહોંચાડે તેવો જોખમી..!!



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિસ્તારમાં રોડ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર થઈ ગયા હોવાની ફરિયાદો ઉદભવી રહી છે. શહેરના પેથાપુર નજીક ચરેડી ચાર રસ્તાથી સેક્ટર-૩૦ના મુક્તિધામ સ્મશાન તરફ જવાના પાવર હાઉસને અડીને આવેલા માર્ગની હાલત અત્યંત ખરાબ થઈ જવા પામી છે. આ રસ્તા પર અસંખ્ય ખાડાઓ પડી જવા પામ્યાં છે તેમાં વરસાદને કારણે કાદવ-કીચડ થઈ જવાથી વાહનચલાકો માટે અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું છે અને અકસ્માત સર્જાવાની ભીતિ રહેલી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ માર્ગેને આરસીસી બનાવવાનું આયોજન કરાઈ રહ્યું છે પરંતુ તે બનતા વાર લાગશે ત્યાં સુધી આ વિસ્તારમાંથી આવનજાવન કરતાં નાગરિકોને પડી રહેલી પારાવાર મુશ્કેલીને અનુલક્ષીને હાલ માર્ગનું તાતકાલિક ધોરણે સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ઈન્દ્રોડા પાર્કમાં નવા મહેમાનોનું આગમન

**ઈન્દ્રોડા નેચર પાર્કમાં વેટરનરી ડોક્ટરોની અથાગ મહેનતના પગલે ઇન્ડિયન રોક પાયથોન એટલે કે અજગર મોલુરસ પ્રજાતિની માદાએ ત્યજી દીધેલા ઈંડામાંથી બચ્ચાં બહાર આવતાં ખુશીની લહેર વ્યાપી**

ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં માદા અજગરે મે મહિનામાં ઈંડા મૂકીને ત્યજી દીધા હતા. ત્યારે ઈન્દ્રોડા પાર્કના વેટરનરી ડોક્ટરોની ટીમે કૃત્રિમ ઈક્યુબેશન ટેકનીકથી ઈંડાનું સેવન અને કાળજી લેવામાં આવી હતી. જેનાં ભાગરૂપે ઈંડામાંથી બચ્ચાં બહાર આવતાં ઈન્દ્રોડા પાર્કમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.ગાંધીનગરના ઈન્દ્રોડા નેચર પાર્કમાં વેટરનરી ડોક્ટરોની અથાગ મહેનતના પગલે ઈન્ડિયન રોક પાયથોન એટલે કે અજગર મોલુરસ પ્રજાતિની માદાએ ત્યજી દીધેલા ઈંડામાંથી બચ્ચાં બહાર આવતાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. આ અંગે ઈન્દ્રોડા પાર્કના સત્તાવાર સૂત્રોએ કહ્યું કે, ઈન્ડિયન રોક પાયથોન (અજગર મોલુરસ) એક પોઈકિલોથર્મિક પ્રાણી છે.આ સરિસૃપ ભારતીય ઉપખંડીય ક્ષેત્રમાં વધુ જોવા મળે છે. ઉનાળો આ જીવો માટે સંવર્ધનની મોસમ છે.માદા પ્રાણીએ ઈંડા મૂક્યા પછી તરત જ, બે અલગ-અલગ કલચના ઝુંડમાં, ઈંડાના એક ઝુંડનું કુદરતી સેવન શરૂ કર્યુ હતું. બીજા ઝુંડને તેણીએ પહેલા દિવસથી જ છોડી દીધી હતી. કૃત્રિમ સેવન સિવાય ત્યજી દેવાયેલા ઈંડા માટે આ કોઈ વિકલ્પ ન હતો. ત્યજી દેવાયેલા ઈંડાને કૃત્રિમ રીતે બનાવેલા ઈક્યુબેશન ચેમ્બરમાં ચોક્કસ સમયગાળા માટે રાખવામાં આવ્યા હતા. ઈક્યુબેશનના સમગ્ર સમયગાળા દરમિયાન જરૂરી



તાપમાન અને ભેજ જાળવવામાં આવ્યો હતો. બીજી બાજુ માદા કુદરતી રીતે ઈંડાં ઉકાળી રહી હતી તેને તમામ બાહ્ય સહાય અને આરામ આપવામાં આવ્યો હતો. કોઈ કારણસર તારીખ ૧૧ જુલાઈના રોજ સ્ત્રીએ કલચ છોડી દીધો હતો. જો કે સંપૂર્ણ મુદત પૂરી કરવા માટે હજુ એક સપ્તાહનું સેવન કરવાની જરૂર હતી. આ ઈંડાને ઈંડાની અંદર ગર્ભના વિકાસના છેલ્લા તબક્કા માટે કૃત્રિમ ઈક્યુબેશનની સુવિધામાં પણ મૂકવામાં આવ્યા હતા. સ્ટાફ અને ડૉક્ટરના નિષ્ઠાવાન પ્રયત્નોને કારણે ઈંડાના બંને ચુંગાલ સફળતાપૂર્વક બહાર આવ્યા અને ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યા હતાં. આ વર્ષે ૨૦મી જુલાઈ અને ૨૨મી જુલાઈએ અજગરના બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા ઈંડામાંથી બહાર નીકળેલા અજગરને તાત્કાલિક નવજાતની સંભાળ પૂરી પાડવામાં આવી હતી અને તેમને પશુ ચિકિત્સક નિરીક્ષણ અને સંભાળ હેઠળ રાખવામાં આવ્યા હતા. ખૂબ જ ટૂંક સમયમાં મુલાકાતીઓ ઈન્ડિયન રોક પાયથોનના સુંદર બચ્ચાઓને બિડાણની અંદર ફરતા જોઈ શકશે.